# પ્રાંતિજના પોગલુમાં મહિલાઓ દ્વારા મેઘરાજાને રીઝવવા ગામમાં ઢુંઢીયા બાવજીની મૂર્તિ બનાવી



પ્રાંતિજ, તા. ૨

ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાએ રીસામણાં લઈને બેઠા છે. પ્રાંતિજના પોગલુ ખાતે મહિલા મંડળ દ્વારા મેઘરાજાને રીઝવવા ઢુંઢીયા બાવજીની મૂર્તિ બનાવી ઢોલનગારાં સાથે વાજતે ગાજતે ગામમાં વરઘોડો કાઢ્યો.

અડધું ચોમાસું વિતી ગયું છતાં મેઘરાજાની હાલ ઉત્તર ગુજરાતમાં પશુ પંખીઓ ખેડૂતો સહિત સોકોઈ મેઘરાજાની આતુરતાથી રાહ જોવે છે પણ મેઘરાજાએ જાણે રીસામણાં લઈને બેઠાં હોય તેવોને મનાવવા માટે સાબરકાંઠાના પ્રાંતિજના પોગલુ ગામે મહિલા મંડળની બહેનો તથા ગામની મહિલાઓ દ્વારા માટીમાંથી ઢુંઢીયા બાવજીની મૂર્તિ બનાવી ગામમાં ફળીએ ફળીએ ઢોલનગારાં સાથે વાજતે ગાજતે વરઘોડો કાઢ્યો હતો. ગામમાં ઠેર-ઠેર ઢુંઢીયા બાવજીને પાણીથી નવડાવવામા આવ્યા હતા. છેલ્લાં દસ દિવસથી રામજી મંદિર ખાતે મહિલા મંડળની બહેનો દ્વારા વરસાદ માટે રામધૂન પણ બોલાવવામાં આવી રહી છે.

**ગામમાં ઠેરઠેર ઢુંઢીયાબાવજીને પાણીથી નવડાવ્યા : રાત્રીના સમયે રામજીમંદિરમાં રામધૂન યોજાય છે**

# વરસાદ ખેંચાતા ધનસુરા તાલુકાના ખેડૂતો બે હાલ

ધનસુરા, તા. ૨

ધનસુરા તાલુકામાં મેઘરાજાએ વિરામ લેતા ધરતીપૂત્રો આકાશ સામે મીટ માંડી ચાતક પક્ષીની જેમ પધરામણી માટે વિનંતી કરી રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી મેઘરાજાની પધરામણી ન થતાં ખેડૂતોના ખેતરોમાં મોઘાદાટ બિયારણો લાવી વાવેતર કરી દીધુ છે. હવે જો સમયસર વરસાદ ન થાય તો ખેતી નિષ્ફળ જાય તો આર્થીક મુશ્કેલીમાં મુકાવાનો ભય સેવાઈ રહ્યો છે. ધનસુરા તાલુકામાં ૨૫ ટકાથી વધુ ખેડૂતો આકાશી ખેતી કરે છે. ચોમાસામાં વાવેતર કરે અને જે ઉપજ થાય તેમાંથી આખુ વર્ષ વહેવાર ચલાવે છે. જો ચોમાસુ પાક નિષ્ફળ જાય તો આખુ વર્ષ પરિવારને જીવાડવુ કઠીન બની જાય છે. મજૂરી કરી ગુજરાન ચલાવવુ પડે છે. ધનસુરા તાલુકાના મોટાભાગના ખેડૂતોને સિંચાઈ યોજનાનો લાભ મળતો નથી.

## મોડાસા બીસીએ અને પીજીડીસીએ કોલેજમાં એનએસએસ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત માતૃશ્રી એલ.જે. ગાંધી (બાકોરવાળા) બી.સી.એ. કોલેજ અને ડૉ. એન.જે. શાહ પીજીડીસીએ કોલેજ, મોડાસામાં તા. ૩૧-૭-૧૮ને મંગળવારના રોજ એન.એસ.એસ. અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રભારી અરવિંદભાઈ જે. મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને પર્યાવરણની દષ્ટિએ સમાજમાં વૃક્ષોનું શું મહત્વ છે તે વિશે સુંદર માહિતી આપી હતી. કોલેજના એન.એસ.એસ.ના દરેક વિદ્યાર્થી મિત્રોએ એક એક વૃક્ષ ઉછેરીને જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કોલેજમાંથી કોલેજના આચાર્ય પ્રો. રાજેશ એમ. મકવાણાએ સુંદર કાર્યક્રમ બદલ તમામ સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# શામળાજી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં ફૂડ પોઈઝનિંગની અસર થતા ૧૧ વિદ્યાર્થીનીઓની તબિયત લથડી

## શામળાજી સી.એચ.સી માં ૧૧ વિદ્યાર્થીનીઓ સારવાર હેઠળ



શામળાજી, તા. ૨

અરવલ્લી જીલ્લાના યાત્રાધામ શામળાજી નજીક ભિલોડા રોડ પર આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં અભ્યાસ કરતી ૧૧ વિદ્યાર્થીનીઓએ ભોજન આરોગ્ય બાદ એકાએક પેટમાં દુખાવાની ફરિયાદ કરતા અને ઉલ્ટી થતા તબિયત લથડતા વિદ્યાર્થીનીઓને ફૂડ પોઇઝનિંગની અસર થતા આરોગ્ય વિભાગને જાણ કરતા તાત્કાલિક સ્કૂલમાં આરોગ્ય વિભાગની ટીમ દોડી આવી પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓને શામળાજી સીએચસીમાં સારવાર માટે ખસેડાતા હાલ વિદ્યાર્થીઓની હાલત સુધારા પર હોવાનું અને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આરોગ્ય વિભાગના સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી.

શામળાજી-ભિલોડા રોડ પર આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં વિદ્યાર્થીઓને પુરા પડતા ભોજનમાં ગેરરીતે અંગે અનેકવાર વિદ્યાર્થીઓમાં ફરિયાદ ઉઠી હતી. પૌષ્ટિક આહારના બદલે હલકી ગુણવત્તાનું અને વાસી ભોજન પીરસવામાં આવતી હોવાની અનેક બૂમો વિદ્યાર્થીઓમાં ઉઠી હતી. બુધવારે રાત્રી ભોજનમાં ભાખરી-વટાણાનું શાક અને ખીચડી આરોગી હતી. થોડા સમય બાદ વિદ્યાર્થીનીઓએ ફૂડ પોઈઝનિંગની અસર થતા પેટમાં ગંભીર દુખાવો થતો હોવાની ફરિયાદ સાથે ઉલટી-ઉબકા થવાની સાથે તબિયત લથડતા અને ૧૧ વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર જણાતા સંચાલકોએ આરોગ્ય વિભાગને જાણ કરતા મુનાઈ પીએચસીના મેડિકલ ઓફિસર ચૌધરી સહીત આરોગ્યની ટીમ સ્કૂલમાં દોડી જઈ વિદ્યાર્થીનીઓને પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર જણાતા શામળાજી સી.એચ.સી.માં દાખલ કરી અદ્યતન સારવાર અપાતા વિદ્યાર્થીનીઓની હાલતમાં સુધારો થયો હતો. વિદ્યાર્થીનીઓને હાલ તબીબોની દેખરેખ હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું. વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થતા તેમના વાલીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ અને શાળામાં દોડી આવ્યા હતા.

વિદ્યાર્થીનીઓની સારવાર આપનાર તબીબ ચૌધરીના જણાવ્યા અનુસાર શાળામાં તમામ વિદ્યાર્થીનીઓનો સર્વે કરવાની સાથે પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગની વધુ અસર જણાતા શામળાજી સારવાર માટે ખસેડવામાં આવી હતી અને શાળામાં વિદ્યાર્થીનીઓને આપવામાં આવેલા ભોજનના સેમ્પલ લઈ ફૂડ એન્ડ ડ્રગ્સ ઓફિસમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# પાલનપુર ભૂસ્તર કચેરીના રોયલ્ટી ઈન્પેકટર એસસીબીના સકંજામાં

## તાપીમાં ફરજ દરમિયાન ગેરકાયદે માટી ખનનમાં કાર્યવાહી ન કરી સરકારને રૂપિયા ૧.૦૮ કરોડનું નૂકશાન પહોચાડ્યું હતુ

પાલનપુર, તા. ૨

તાપીના ભાસીયામોઢ ગામે સુરત એસીબી દ્વારા દોઢ માસ અગાઉ સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતુ. જ્યાં મોટા પ્રમાણમાં ગેરકાયદે માટી ખનનની પ્રવૃતિ બહાર આવી હતી. આ અંગે તાપી ભૂસ્તર કચેરીના રોયલ્ટી ઈન્સપેકટર સહિત છ કર્મચારીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન રોયલ્ટી ઈન્સપેકટરની બનાસકાંઠાની પાલનપુર કચેરી ખાતે બદલી કરવામાં આવી હતી. જ્યાં તપાસ દરમિયાન આ રોયલ્ટી ઈન્સપેકટરે માટી ખનન કરતાં શખ્સોને છાવરી તેમની સામે કોઈ કાર્યવાહી ન કરી સરકારને રૂપિયા ૧.૦૮ કરોડનું નૂકશાન પહોચાડ્યું હોવાનું ખુલતાં બનાસકાંઠા એસીબીએ બુધવારે આ કર્મચારીને સકંજામાં લઈ તપાસ હાથ ધરતાં ચકચાર મચી જવા પામી છે.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ઘાસીયામોઢ ગામે તાપી નદીના પટમાં ગેરકાયદેસર રેતીનું ખનન થઈ રહ્યું હોવાથી સુરત એસીબીએ તા. ૧૩/૦૬/૨૦૧૮ના રોજ સરપ્રાઈઝ ચેકીંગ કર્યુ હતુ. અને તેનો રિપોર્ટ તાપી ભૂસ્તર શાસ્ત્રીને મોકલી આપી જવાબદાર કર્મચારીઓ સામે તપાસ કરી અહેવાલ મોકલી આપવા જણાવ્યું હતુ. આ અંગે તપાસમાં ખુલવા પામ્યુ હતુ કે, તાપીના ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી ટી. જે. પટેલે તેમની કચેરીના રોયલ્ટી ઈન્સપેકટર ભાવેશ કોરોટને રેતી ખનન કરતાં શખ્સો સામે કાર્યવાહી કરવા માટે મોકલ્યા હતા. પરંતુ તેમણે આ પ્રવૃતિ કરનારા શખ્સો સાથે ગુનાહિત કાવતરૂ રચી તેમને મદદગારી કરી ગેર કાયદે પ્રવૃતિ અટકાવવા માટે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરી ન હતી. આથી તેમની બદલી કરવાનો રિપોર્ટ કરતાં ભાવેશ કોરોટને બનાસકાંઠાની પાલનપુર ભૂસ્તર કચેરીએ મુકવામાં આવ્યા હતા. દરમિયાન આ તાપીના આ તત્કાલિન રોયલ્ટી ઈન્સપેકટરે સરકારને રૂપિયા ૧.૦૮ કરોડની રોયલ્ટીનું નૂકશાન પહોચાડ્યું હોવાનું બહાર આવતાં તાપી એસીબીએ બુધવારે ભાવેશ કોરોટ સહિત છ આરોપીઓ સામે ગૂનો નોંધ્યો હતો. જે અંતર્ગત બનાસકાંઠા એસસીબી પીઆઈ કે. જે. પટેલે બુધવારે પાલનપુર ભૂસ્તર કચેરીના અને તાપીના તત્કાલિન રોયલ્ટી ઈન્સપેકટરને સકંજામાં લઈ તપાસ હાથ ધરતાં ચકચાર મચી જવા પામી છે.

### મકાનમાં સર્ચ ઓપરેશન કરાયું

પાલનપુર ભૂસ્તર કચેરીના રોયલ્ટી ઈન્સપેકટરની તાપીના રોયલ્ટી ખનનના કેસમાં બુધવારે તપાસ હાથ ધરી છે. જેમાં પાલનપુર- ડીસા હાઈવે નજીક ગુરૂનંદન સોસાયટીમાં આવેલા તેમના મકાનમાં પણ સર્ચ ઓપરેશન કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

# શામળાજી નજીક અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો ત્રાટકી, કારમાંથી ૧૩ કિલો ચરસ ઝડપ્યું

શામળાજી, તા. ૨

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર માટે વધુ એક શરમજનક ઘટના બનતા શામળાજી પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે. શામળાજી પોલીસ હદમાંથી કન્ટેનરમાંથી દારૂની ચોરી કરનાર ચોર પકડવામાં ગોથા ખાઈ રહી છે ત્યારે અમદાવાદ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે શામળાજી નજીકથી પસાર થતી સેન્ટ્રો કારમાંથી ૧૩ કિલો ચરસની હેરાફેરી અટકાવી જપ્ત કરી ઈકબાલ ઈબ્રાહીમ શેખની ધરપકડ કરી હતી. આ શખ્સ કાશ્મીરની ચરસ દિલ્હીના એક ચરસના ડીલર પાસેથી ખરીદી અમદવાદ પહોંચાડવાની હતી. અંદાજે ૨ કરોડ રૂપિયાની કિંમતની ચરસ જપ્ત કરવામાં નાર્કોટિક્સ બ્યુરો અમદાવાદની ટીમને સફળતા મળી હતી. બીજીબાજુ જીલ્લા પોલીસતંત્ર ઊંઘતી હોય તેવો ઘાટ સર્જાયો હતો.



# કાંકરેજ તાલુકાના રાણાવાડા ગામે વાનરોના આતંકથી ત્રણ વર્ષની બાળકીને ઘાયલ

કાંકરેજ, તા. ૨

આજરોજ કાંકરેજ તાલુકાના રાણાવાડા (જા) ગામે સવારે ત્રણ વર્ષની અશ્વિબેન રાજેશભાઈ રાવલ (ઉ.વ.૩) પોતાના ઘરે ધાબા ઉપર રમતી હતી ત્યારે જંગલી વાનરોનું ટોળું આવી ગયું હતું અને રમતી બાળકી ઉપર અચાનક હુમલો કરી બાળકીને ગંભીર રીતે ઘાયલ કરી હતી. ત્યારે બાળકીએ બુમો પાડતા તેના ઘરના સભ્યો ધાબા ઉપર દોડી આવ્યા હતા અને બાળકીને તાત્કાલિક ૧૦૮ દ્વારા શિહોરી રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડી હતી. સારવાર દરમ્યાન બાળકીને ૧૫૦ ટાકા આવ્યા હતા. બાળકી પગના ભાગે અને હાથે ઘાયલ થઈ હતી પાછળથી વધુ સારવાર માટે પાટણ દવાખાને ખસેડી હતી.




આ બાબતે રાણાવાડા(જા)ગ્રામ પંચાયતના સરપંચ પતિ અંબારામ રાવલે શિહોરી ફોરેસ્ટ અધિકારીને લેખિત જાણ કરી હતી કે રાણાવાડા જા ગામે જંગલી વાનરોનો ખુબજ ત્રાસ છે અને ઘણી વખત લોકોને વાનરોનો શિકાર થવું પડે છે. તો આ જંગલી વાનરોને પાંજરે પુરી જંગલમા છોડવાની માંગણી કરી છે અને ગામ લોકોને વાનરોના ત્રાસથી મુક્ત કરાવવા જોઈએ.

# અરવલ્લી જીલ્લા ગ્રામ સાહસિક મંડળ ઓપરેટરોની જંગી રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાની ગ્રામ પંચાયતોમાં ગ્રામ કોમ્પ્યુટર સાહસિકો(ઓપરેટરો) તરીકે ફરજ બજાવતા કર્મચારીઓએ કાયમી કરવાની માંગ સાથે કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો સરકાર દ્વારા આપવામાં આવેની માંગ સાથે મોડાસાના શાસ્ત્રી મેદાનમાં એકત્રિત થઈ "રાજ્ય સરકારની નબળી નીતિ સામે પ્રતિકાર રેલી" યોજી હતી અને તેમની વિવિધ માંગણીઓ સાથે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીને પણ આવેદનપત્ર આપ્યું હતું.

મોડાસા શહેરના શાસ્ત્રી મેદાનમાં ૩૦૦ થી વધુ ગ્રામ પંચાયતમાં વી.સી.ઈ. તરીકે ફરજ બજાવતા કોમ્પ્યુટર ઓપરેટરો એકઠા થઈ કાયમી નિમણૂકની માંગ સાથે જંગી રેલી યોજી જીલ્લા કલેક્ટર કચેરીમાં સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી બેનર પ્રદર્શિત કરવાની સાથે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપ્યું હતું આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાત સરકારે ઈ-ગ્રામ યોજના હેઠળ રાજ્યના ૧૩૭૦૦થી વધુ ગામડાઓમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ ૧૧ વર્ષથી નિમણુંક કરવામાં આપેલ છે. જેમાં ૪૦ ટકા મહિલા કર્મચારીઓ ફરજ બજાવે છે. વી.સી.ઈ. તરીકે સળંગ કેટલાય વર્ષ થી ફરજ બજાવતા હોવાથી અને ફક્ત કમિશન મળતું હોવાથી જીવનિર્વાહ ચલાવવામાં ભારે મુશ્કેલી પડતી હોવાથી સરકારી કર્મચારી જેટલા લાભો અને કાયમી નિમણુંક કરવાની વારંવાર લેખિત અને મૌખિક રજુઆત સરકાર સામે કરવા છતાં ન્યાય મળતો નથી. ઈ-ગ્રામમાં અગાઉ બંધ કરેલ પીડીએસની સર્વિસ ચાલુ કરવી અને મામલતદાર કચેરીમાંથી મળતી એટિવિટીની સેવાઓ દરેક ગ્રામ પંચાયતમાં વીસીઈ યુઝરથી ચાલુ કરવા ન્યાયની માંગ કરી હતી.

# દાંતાની બાલમંદિરની બાળકીનું ઓરી રૂબેલાની રસી લીધાના ૪૬ કલાક બાદ મોત : પરીવારજનોનો આક્ષેપ ?

દાંતા ગામ માં રહેતા અને ખેતર ના ભાગમા મંજૂરી કરી પોતાના ઘરનુ ગુજરાન ચલાવતા શંકરભાઈ દેવડા.રહે.રાજસ્થાન ના વતની જે હાલ



દાંતા ખાતે ખેતર ના ભાગમા રહી ને પોતાના ઘરનુ ગુજરાન ચલાવે છેઅને તેવો દાંતા ખાતે આવેલ વાલ્મિકી વાસ મા આવેલ બાલમંદિર મા ત્રણ વર્ષ ની બાળકી જેનું બાલમંદિર મા નામ પણ નોંધાયેલ નથી,અને બાલમંદિર જતી હતી તે બાળકી ને મંગળવાર ના રોજ ૧૨ વાગે બાલમંદિર મા રૂબેલા ની રસી આપવા મા આવેલ હતી જે પછી આ બાળકી ને તાવ આવી જતા આજરોજ ગુરુવારે સવારે ૧૦ કલાકે દાંતા સિવીલ ખાતે સારવાર માટે લાવવામા આવેલ હતા ત્યારબાદ પરના ડોક્ટરે આ બાળકી ને મુત જાહેર કરતા પરીવાર પર આભ તૂટી પડ્યું હતુ આ સંદર્ભે બાળકી ના પિતા શંકરભાઈ દેવડા એ આશ્રેપ કરેલ છે. કે અમારી દિકરી ને બાલમંદિર મા મંગળવારે રસી આપવા થી તાવ આવી ગયો હતો અને ત્યારબાદ તેનુ મોત થયુ હતુ , દાંતા ખાતે રહેતા અને ખેતર ના ભાગમા રહી મંજૂરી કરતા પરિવાર ની દિકરી ને રૂબેલા ની રસી અપાતા મૃત્યુ થયો હોવાનો પરિવાર જનો એ આક્ષેપ કર્યો હતો બાળકી ના પિતા નો આક્ષેપ હતો કે બાલમંદિર મા મંગળવારે રસી આપ્યા બાદ મારી બાળકી નું મોત થયેલ છે તેમ કહેતા આરોગ્ય ટીમ દોડી આવી હતી

દાંતા ખાતે મળતી માહિતી પ્રમાણે આ બાળકી ને ઓરી રુબેલા ની રસી આપ્યા બાદ અન્ય બીજા ૨ બાળકો ને પણ રસી અપાઈ હતી પણ અન્ય બાળકો સ્વસ્થ છે એટલે આ મોત ના કારણે આખો મામલો દાંતા પંથક મા ચકચાર જગાવી હતી પરિવારજનો નો આક્ષેપ હતો કે અમારી બાળકી ની લાશ ને અમદાવાદ સિવિલ ખાતે લઈ જવા માટે હોસ્પિટલ સત્તાધીશો તરફથી કોઈજ વ્યવસ્થા ન કરાતા લાશ સિવિલ મા પડી રહી હતી અને ત્યારબાદ દાંતા પોલીસ દ્વારા ખાનગી વાહન બોલાવીને રિપોર્ટ કરવા માટે હવે સાચી બાબત પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે ,આજ ના બનાવ બાદ આ પંથક મા ઓરી રુબેલા રસી માટે વિવિધ તારણો સાંભળવા મળ્યા હતા અને આરોગ્ય તંત્ર હરકત મા આ ગયુ હતુ

### તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર

તેમને જણાવ્યુ હતુ કે જન્મ અને મૃત્યુ રોજ બરોજ થતા હોય છે ,બાળકી ના પિતા નો આક્ષેપ ખોટો અને પાયા વિહોણા છે હાલ રુબેલા રસી નો કાર્યક્રમ ચાલી રહ્યો છે અને આ બાળકી ને રસી આપ્યા બાદ અન્ય બીજા બાળકો ને પણ રસી અપાઈ હતી તેમને કોઈ રિએક્શન કે સાઈડ ઈફેક્ટ નથી આજે કઈ પણ થાય તો લોકો રુબેલા રસી ને કારણે મોત થયુ છે તેવો આક્ષેપ કરતા હોય છે આ બાબતે બાળકી નો પીએમ રિપોર્ટ કરવા માટે અમદાવાદ લઈ જવા માં આવી રહયા છે અને ત્યારબાદ રિપોર્ટ આવ્યા બાદ મોત નુ કારણ જાણી શકાશે તેમ કહ્યુ હતુ . તાલૂકા હેલ્થ ઓફિસરઃ આ બાબતે હાલ કંઈ પણ કહી શકવુ મુશ્કેલ છે.,આના મૂળ સુધી પહોંચવા આ બાળકી ની લાશ ને અમદાવાદ રિપોર્ટ કરવા અને પી એમ કરવા કરવા દાંતા સિવીલ ના ડોક્ટર તેમજ અમદાવાદ ના એક્સપર્ટ ડોક્ટરો રિપોર્ટ અને પી.એમ કરશે અને ત્યારબાદ જ ખબર પડે કે મૃત્યુ નુ સાચુ કારણ શુ છે?

# મોડાસા નગરપાલિકાની રસ્તા પર દબાણ કરનાર સામે લાલ આંખ

## કડિયાવાડા રોડ પરના દુકાનદારોને નોટિસ પાઠવી દબાણ દૂર કરવા તાકીદ

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સરકારી જમીન પર દુકાનદારો અને રહેણાંક વિસ્તારોમાં પેશકદમી કરી ગેરકાયદેસર દબાણકારનારા લોકોનો રાફડો ફાટ્યો છે. મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર દુકાનદારો દ્વારા ગેરકાયદેસર દબાણ કરાતા રસ્તાઓ ટૂંકા બનતા રાહદારીઓ અને વાહનચાલકો પસાર થવામાં ભારે મુશ્કેલીનો કરવો પડતા અને ટ્રાફિક સમસ્યા સર્જાતા મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા રસ્તા પર દબાણકારનાર દુકાનદારો સામે લાલ આંખ કરાતા નોટિસ પાઠવી સત્વરે દબાણ દૂર કરવા તાકીદ કરવામાં આવી છે. દબાણકારો દબાણ નહિ હટાવે તો નગરપાલિકા તંત્ર દબાણકારનારના ખર્ચે અને જોખમે દબાણ દૂર કરશે. નોટિસના પગલે ગેરકાયદેસર દબાણ કરનાર લોકોમાં ફફડાટ ફેલાયો છે. નગરપાલિકા તંત્રની દબાણકારોના દબાણ દૂર કરવાની ઝુંબેશને લોકોએ આવકારી હતી.



મોડાસા શહેરના કડિયાવાડા રોડ પર બસ સ્ટેન્ડથી લઈ સમગ્ર રોડ પર દુકાનો બહાર ગેરકાયદેસર રીતે દબાણ કરનાર દુકાનદારોને નગરપાલિકાતંત્ર દ્વારા નોટિસ ફટકારી દબાણ હટાવી લેવાની તાકીદ કરાતા દબાણકારનાર દુકાનદારો અને રોડ પર ગેરકાયદેસર કેબીન તાણી બાંધનાર કેબીનધારકોમાં ફફડાટ ફેલાયો છે. દુકાનદારોને મળેલ નોટિસને દુકાનદારો હળવાસમાં લઈ રહ્યા હોય તેમ નગરપાલિકાએ આપેલ નોટિસમાં ૩ દિવસમાં દબાણ હટાવી લેવાની તાકીદને ૨ દિવસ વીતવા છતાં દબાણકારો દબાણ હટાવાની તસ્દી લીધી નથી ત્યારે આગામી દિવસોમાં નગરપાલિકાતંત્ર દ્વારા દબાણ હટાવવા કેવા પગલાં ભારે છે તે જોવું રહ્યું.

### દબાણકારોને નોટિસ પાઠવવા અંગે ચીફ ઓફિસર શું કહે છે ?

મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા કડિયાવાડા રોડ પર દુકાન ધરાવનાર અને દબાણકારનાર દુકાનદારોને દબાણ દૂર કરવા આપવામાં આવેલ નોટિસ અંગે ચીફ ઓફિસર પ્રણવ પારેખે જણાવ્યું હતું કે મોડાસા શહેરના કંજસ્ટેડ વિસ્તરો પૈકીના એક કાડિયાવાડા રોડ પર દબાણ કરનાર દુકાનદારોને નોટિસ આપવામાં આવી છે અને હાલ સર્વેની કામગીરી અને નોટિસો આપવાની ચાલુ છે અને દબાણકારો તેમના દબાણ જાતે દૂર કરવાની તક આપવામાં આવશે તેમ છતાં દબાણકારનાર લોકો દબાણ નહિ હટાવે તો નાગરપલિકાતંત્ર દબાણ દૂર કરશે. હાલ મોડાસા શહેરના તમામ વિસ્તારોમાં સર્વે કરવાની અને દબાણકારોને નોટિસ આપવાની કામગીરી ચાલુ હોવાનું જણાવ્યું હતું.